## ૨) રાધામાધવ મનમાં વસ્યા જી

રાધામાધવ મનમાં વસ્યા છે જેને,
રાધામાધવ મનમાં વસ્યા જી.
આઠે પ્રહર તે આનંદમાં મ્હાલે,
તે પ્રાણીને પાતક નથી કશાંજી
સુખ સહુ આવી મળે સેહેજે સમીપે

કલેશ અમંગળ અળગા વસ્યા જી
કારજ સિધ્ધ થયાં સહુ તેના
તીર્થ સહુ તેના પગમાં વસ્યા જી જેને.
પૂર્વજ તેહના ધસ્યા વૈકુંઠમાં,
માતપિતા ચૌદલોકમાં વસ્યાજી.
તે સંતને સેવનારા સેવક પણ
જાય નહિ કાળ સાપના ડસ્યા જી .
તે ભગવદીયની નિંદા કરે તેહનાં,
નિશ્ચય કર્મ લાહારે ધસ્યા જી
તે ભગવદીયના દરશને માનો,
દયાપ્રીતમ શ્રીકૃષ્ણના જસા જી.

શ્રી દયારામભાઈ

નથી ઘટવાનો તારો અધેલો
નંદનંદનને ઘરના ઠાકોર કરી
પોતે તું થાવ તેનો ચેલો
ભલું થયું જે વધી સંપત્તિ તારી
ઘરનો ઘેર્યો છે મોટો ઘેરો.
બૈરી છોકરીઓનું જૂથ સંકેળીને
વૈભવ વધાર્યો તેં અનેરો.

કૃષ્ણની સેવાકથા ઘરમાં જ કરીએ તો
કૃષ્ણભક્તોનો થાય ડેરો
સર્વસ્વ શ્યામને સમરપિત કરીએ તેને
'સૂર' કહે છે 'મત મેરો'

ગોસ્વામી શ્યામમનોહર
(સૂરદાસજીના પદના આધારે)

ભાગવત ભણીને શું કીધું
ઓ ભાઈ રે તેં ભાગવત ભણીને શું કીધું!
મારે જન્તુ અહિ મણિઅજવાળે
તેમ તેં ઉદર પોષિ લીધું.
પારસમણિનું પાત્ર પાણિમાં
ઘેર ઘેર ભિક્ષા માંગે
જ્યાં લગી વસ્તુનું જ્ઞાન નથી ત્યાં લગિ
દુઃખ દારિદ્રય ના ભાંગે
દુઝણિ ગાયને ગોતું માંડીને
[illegible]
તેમ તું બોધ કરી પૂજા પામે
આપ ધાવ્ય કાંઈ થાય.
જેમ મલયાગર પોઠી લાધ્યો
તે સુંગધ શું જાણે
જ્યાં લગી સાર ન સમજ્યો, ત્યાં લગિ

તું પણ તે જ પ્રમાણે
રતિ કૃષ્ણ મતિ ધર્મ તોષ મન
દયા અખિલ પર આવે
ત્યારે હું જાણું કે ભાગવત ભણિયો
ગરવ આરિસા નાવે
જર જશાદિ તૃષ્ણા મન જ્યાં લગિ
ત્યાં લગિ હરિ નવ રીઝે
આટલા ઉદ્યમ તેમ એક એહો પણ
સુણી સમજુ નવ ખીજે
'દયા' પ્રીતમ શ્રીજી શ્રીભાગવત
એક જ રૂપ છે બંધે
નિસ્પૃહ તેનો અભ્યાસ કરવાથી
જીવન્મુક્તિ ન સંધે

ભક્ત કવિ દયારામભાઈ

## સદા શ્રીકૃષ્ણને સેવો રે

સદા શ્રીકૃષ્ણને સેવો રે, સમજી લ્યોને હવે સુધો સિદ્ધાન્ત
વાત કહું તે વિચારમાં લાવો, ભાંગો મનની ભ્રાંત .........સદા
સહુ બરાબર કૃષ્ણ છે, નથી કૃષ્ણ બરાબર કોય;
સાગર –છોળ્યો ને દષ્ટાન્તે શાણા સમજી જાવ.........સદા
વિશ્વ ઠર્યું હરિરૂપ એ રીતે, સાચું સરવે કાળ
ન્યારૂ ના તે ગોપાળથી પણ ન્યારા ખરા ગોપાળ .........સદા
મુખઈન્દ્રિયો થડ ને ડાળા એમ હરિ સંસાર
વૈષ્ણવ ભજે દયા કાંઈ ન બાકી વેદ પુરાણ વિચાર .........સદા

શ્રીદયારામભાઈ

'ઝેર સરીખું સ્નેહ પાખે, સ્નેહતે અમૃત તણું'

ઝેર સરીખું સ્નેહ પાંખે સ્નેહ તે અમૃત ખરું
જેહનું જેહશું અટક્યું મન તે પ્રાણ ગયે ને કરે ખરું
પ્રીત કેરી રીત ઓધવજી જી શીખવી નવ આવડે
સદા તે સાચી નીભે રે જૂઠી તે તો તૂટે રે જુઓ દાદુર મીન

એક ઠોરના જી
વારી તે સૌ વહાલું કહે પણ સમો આવે પરીક્ષા એ
પ્રીત પ્રીતમાં બહું ફેર રે ... ઝેર
જળ વિના દાદુર પંકમાં પડી જી રાખે જેમ તેમ દહેને
પણ જુવો જળથી વિછડતા તજે પ્રાણ ધન્ય સ્નેહ ને... ઝેર
જ્ઞાની પ્રેમી બેમાં ઓધવજી હો જુવો અંતર એટલું રે
દયા પ્રભુનો પ્રાણ વલ્લભ જે જાણ તેને તેટલું... ઝેર

## એવી અચલ ભક્તિ તારી

એવી અચલ ભક્તિ તારી આપ મુને મોહન
કરુણાનિધિ ગિરિધારી રે,
કાયા વાચા મનસાએ કરિ,
સેવા સદા હું કરૂ તારી રે ........એવી
નેત્રે મારે તુને નખશિખ નિરખું
ન્યોછાવર કરૂં પ્રાણ રે,

માલ્ય વૃંદાવન અંઘ્રિપ્રસાદીની
લેઉં સુગંધી ઘ્રાણ રે........એવી
રસનાએ તારા ગુણ યશ વરણું
રાખુ અખંડ અભિધાન રે,
તારું કથામૃત શ્રવણે મારે,
પ્રેમે કરું નિત્ય પાન રે ........એવી
હસ્તે હરિ કરું તારી સેવા,
મન પ્રિતે કરું ધ્યાન રે;
ચરણે ચાલી તારે મંદિર આવું પણ,
વ્યાપે નહીં અભિમાન રે........એવી
સર્વાંગે કરી કરું તુને દંડવત
સદા રહું તારે શરણે રે;
કહે દયો આપો શ્રીકૃષ્ણ એટલું,
મારું ચિત્ત નિત રહે તમ ચરણે રે ........એવી

શ્રી દયારામભાઈ

'ઠાકોરજી નથી થાવું'

હો વલ્લભ મને ઠાકોરજી નથી થાવું
પુષ્ટિમારગમાં તમારી કાનીથી મે માણ્યું તુ ઠાકોરજી થાવું
ઓ વલ્લભ મુને માણ્યું તું ઠાકોરજી થાવું.
એ... નંદનાલાલ અને યશોદાના લાડકડા કેમ નથી ગમતું થાવું
ઓ વલ્લભ મુને ઠાકોરજી નથી થાવું.
ઓ વલ્લભ મુને ઠાકોરજી નથી થાવું.
કોઈના ભજે હવે પુષ્ટિનાભાવોથી શીદને ઠાકોરજી થાવું, ઓ

વલ્લભ મુને ઠાકોરજી નથી થાવું.
પારકે પૈસે ને નોકરોના કરથી ભાવોનો કરે છે ભોપાળો
એ ભક્તો બધા ભાવોનો કરે છે ભોપાળો
એ ઈ તો બધા ભાવોનો કરે છે ભોપાળો
હે..... ઘરમાં ભજે નહીં જાહેર મેળાવડામાં સેવાનો કરે છે ભવાડો, ઓ વલ્લભ મુને
નિશ્ચલ સ્નેહથી ભજેના કોઈ મને દુઃખોનો થયો છે ઉપાડો
ઓ પ્રભુ મારા... દુઃખોનો થયો છે ઉપાડો
ઓ વલ્લભ મારા દુઃખોનો થયો છે ઉપાડો
એ...... પોતાને ગમે છે વિડિયો દૂરદર્શન, મને રાખે પ્રદર્શનમાં ઠાડો, ઓ વલ્લભ મુને
પારકું માખણ ગોકુળિયામાં ચોરીને બહુ ગમતું ખાવું!!! ૨
કેટલા મનોરથી ઊભા કર્યા અમે હવે કેમ ગમતું નથી થાવું ?
કહોને હવે આમાં કેમ ગમતું નથી થાવું
પોતાનું મહિડું વલોવી સંતાડેને પોતે સંતાઈ જુએ મુખડું ઓ હરિ મારા

એ..... હૈડામાં લગીરે હોશ નથી દર્શનની, ગામને તેડાવે રે
દુ:ખડું, હો વલ્લભ મુને
દર્શનો ખોલીને આરતી ઉતરાવે અને હૈયામાં આરતી ન લાવે.
હે વલ્લભ હવે હૈયામાં આરતી ન લાવે
એ..... રાજભોગ મંગલા ના નોંધે મનોરથ, પોતે ન કોઈ દી ધરાવે, હો વલ્લભ મુને
પત્ર ફૂલ ફલ જલ જે કરે સમર્પણ મને ગમે છે તે મને ખાવું
કુનવારામાં ખીર લાડુ ને મઠડી મનોરથી સમર્પાવું તોય કેમ ગમતું નથી થાવું
લક્ષ્મીના નાથ અને દેવાધિદેવ તોયે ભીખ વિના ભોગ નવ લાગે
દેવતાઓ સૌ મારાં ઠકડાં ઉડાડે
મારા મનડાની લાજ નવ ભાગે, હો વલ્લભ મુને...
મનોરથો માટે નાણાં ઉધારાવીને તેનો પરસાદ પાછો વહેંચે
એ વલ્લભ મારા....
નાણા પોતાના ગાંઠથી ન ખર્ચે એવા ધંધામાં મુજને સંડોવે
એ વલ્લભ મારા....

મહિડાં વેચવા જાતી ગોવાલણ 'ગોવિંદો લ્યોની' કહીને વેચે
દાણતો તેઓશ્રી ઝૂંટવીને લીધું ને ધંધાથી મન કેમ ખેંચે ?
મહિડાં વેચવાં જાતી ગોવાલણનું મન મારામાજ અટકે
એ.... 'ગોવિંદો લ્યોને' એના કહેવાના લટકે, વેચાવું ભરાઈ
તેના મટકે, ઓ વલ્લભ મુને....
શ્રીના નાથમાં ચિતડું ચોંટે નહી ચિત્ત ચોંટે એની શ્રીમાં
એ.... એવા તે રાવણો નેગભોગ ધરાવે, ન ભાવે તે ભાવ
સામગ્રીમાં, હો વલ્લભ
ઘરમાં પોતાના તન મન ધનથી ભજવાની સાચી હતી રીત
નેગ ભોગના નાણાકીય ભાવો બાંધ્યા, વાણસી મુજ ભાવનાની પ્રીત
હે રાજ તમે પુષ્ટિજીવોને ત્યાં બિરાજો
નંદલાલ ને યશોદાના લાડકડા કેમ નથી ગમતું થાવું ?
ઓ વલ્લભ મુને.....

## હરિ મ્હારું અંતર

હરિ મ્હારું અંતર શુધ્ધ કરો રે,
હરિ મ્હારી નિર્મળ બુધ્ધિ કરો રે.
હરિ મુને પ્રપંચ વિસરાવો રે,
મુજ મન નિજ છબિ લોભાવો રે.
હરિ હું ભાવું એહવો કરો રે,
હરિ મ્હારા તનમન તાપ હરો રે.
હરિ મ્હારી દુર્મતિ દૂર કરો રે,
અંતર ભક્તિભાવ ધરો રે.
હરિ નિજની લીલા દરસાવો રે,
નિશદિન સતસંગતિ ભાવો રે.
હરિ મ્હારૂં ચિત્ત ચરણે રાખો રે,
દયો તૂં મ્હારો શ્રીમુખે ભાખો રે.

શ્રીદયારામભાઈ

## મૌન ધર્યું છે

મૌન ધર્યું છે સિધ્ધાન્તો શીખવવા
મઠડી ધરી છે મનોરથીને રીઝવવા.
છપ્પન ભોગ ધર્યા છે  પુષ્ટિપ્રભુને
દુષ્ટ પ્રવાહીઓને પુષ્ટિમાં સંકેળવા.

ભક્તોના સેવ્યની ઘટાડી પુરુષોત્તમતા
પોતાના સેવ્ય માટે દ્રવ્ય તેનું યોજવા.
વ્રજની યાત્રામાં આપી પાંચતારા સગવડો
દૈવી ડોલરનો દુરૂપયોગ રોકવા
ગ્રંથો છે રાખ્યા કબાટોમાં ભરીભરી
ઉધેઈઓની બુધ્ધિને સુધારવા
દીનાનાથ દયાળુ જગતગુરૂ
કીધી છે આરતી ભક્તિને ઝંખાવવા

## ૧૬) પાવો પ્રેમરસ

હે પાવો પ્રેમરસ પ્રાણજીવન રે,
દીન થઈ યાચું રે
એ મુક્તિમાર્ગીને આપજો જ્ઞાન રે,
હું તો નવ રાચું રે.
રીઝે રાબડી થકી ગરીબ લોક રે,
ભોગીને નવ ભાવે રે
અમો તો રાજના ખાસા ખવાસ,
એ મુક્તિ મન ના આવે રે.
નિત્ય નિરખિયે શ્રીનટવરરૂપ રે,
હોંશ હૈયામાંથી રે.
મન માન્યું મળે સહુ સુખ રે
તે એકતામાં ક્યાંથી રે.

## ૧૩) લટકાળો શ્રીગિરિવરધારી

લટકાળો શ્રીગિરિવધારી
કે નિશ્ચલ ભક્તિવિહારી
વલ્લભીજન ને પુષ્ટિઅસ્મિતા
આપે કૃપા વિચારી
પુરુષોત્તમ પ્રભુ પ્રાણસનેહી
તેરે ચરણકમલ ચિતવારી
મનોરથપૂરણકારીને
ગાવો નાચો સહૂ નરનારી.
ગોસ્વામી શ્યામમનોહર

દુષ્ટ જીવને કહે છે બ્રહ્મ રે,
બ્રહ્મ જીવ લેખે રે,
છતે સ્વામીએ સોહાગણનું સુખ રે,
સ્વપ્ને નહિ પેખે રે.
આપ સ્વામી સદા હું દાસ રે,
નાતો નભાવો રે,
રુચે આપને કરું તેવી ટહેલ રે,
અન્ય રખે ભાવો રે.
વિના લાલચનું લાલ મુંને વ્હાલ
અચલિત આપો રે,
વિષયવાસના પ્રપંચની પ્રીત
શ્રીકૃષ્ણ મારી કાપો રે.
અનન્ય સેવા અખંડ સત્સંગ
મનોહર માંગુ રે,
'દયા' પ્રીતમજી આપો મુને એહરે
પાયલડી લાગું રે.

ભક્ત કવિ દયારામ ભાઈ